### વીઆઈપી વિસ્તારમાં જ પાલિકાની ઘોર બેદરકારી

# તૂટેલા ગટરના ઢાંકણાં : દુર્ઘટનાને આમંત્રણ

**સિક્યુરિટી ગાર્ડ્સ અને રહીશોએ જાતે જ સુરક્ષા વ્યવસ્થા કરવી પડી; ચોમાસાની શરૂઆતમાં જ તંત્રના પ્રી-મોન્સૂન પ્લાનની ખૂલી પોલ**

વડોદરા શહેરના પ્રોડક્ટિવીટી રોડ પર અધિકારીઓ અને નેતાઓના ઘરથી માત્ર 500 મીટર દૂર ગટરના ઢાંકણા જોખમી બન્યા છે.

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

વડોદરા શહેરના અતિ વ્યસ્ત ગણાતા પ્રોડક્ટિવિટી રોડ પર મહાનગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. આ વિસ્તાર એટલો મહત્વનો છે કે અહીંથી માત્ર ૫૦૦ મીટરના અંતરે જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ વહીવટી તંત્રના મોટા મોટા અધિકારીઓના નિવાસસ્થાનો આવેલા છે. આમ છતાં, આ મુખ્ય માર્ગ પર ગટરના તૂટેલા ઢાંકણાં તંત્રની આંખ આડા કાન કરવાની નીતિને છતી કરી રહ્યા છે. માર્ગ પર કેટલીક જગ્યાએ અગાઉ ગટરના ઢાંકણાઓનું રિપેરિંગ કામ કરવામાં આવ્યું હતું અને ત્યાં સુરક્ષાના ભાગરૂપે બેરિકેટિંગ મૂકવામાં આવ્યું હતું, પરંતુ કામ પૂર્ણ થઈ ગયા પછી પણ તંત્ર દ્વારા એ બેરિકેટિંગ ત્યાંથી હટાવવાની તસ્દી લેવામાં આવી નથી, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ સિવાય કેટલીક જગ્યાએ ગટરના ઢાંકણા સંપૂર્ણપણે તૂટી ગયેલી હાલતમાં હોવા છતાં પાલિકા પ્રશાસન હજી પણ ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. તંત્ર દ્વારા કોઈ યોગ્ય પગલાં ન લેવાતા આખરે સ્થાનિક લોકો અને સિક્યુરિટી સ્ટાફે પોતાની સુરક્ષા માટે ખુલ્લી ગટરોની આસપાસ મોટા પથ્થરો અને ઝાડની ડાળીઓ મૂકીને આડશ ઊભી કરવાની ફરજ પડી છે. વડોદરામાં વહેલી સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે, ત્યારે આવા વરસાદી માહોલમાં પાણી ભરાવાને કારણે આ તૂટેલા ગટરના ઢાંકણાં વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવલેણ અકસ્માતનું કારણ બની શકે છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે પાલિકાનું તંત્ર વહેલી તકે જાગે અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં આ ગટરના ઢાંકણાઓનું યોગ્ય સમારકામ કરાવે.

### મૂર્તિઓ સુરક્ષિત રીતે પરત ફરતાં ભક્તોમાં હાશકારો

# ભરૂચના જગન્નાથ મંદિરની મૂર્તિઓ 'ગાયબ' થવાનો ભ્રમ, વિવાદ ઉગ્ર બન્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

ભરૂચના ફુરજા વિસ્તારમાંસુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાંથી ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાજીની પ્રતિમાઓ અચાનક ગાયબ થઈ જવાના દાવાએ ભારે કુતુહલ ઉભું કર્યું હતું. રથયાત્રા બાદ મૂર્તિઓ મંદિરમાં ન જોવા મળતાં ભક્તોમાં અનેક અટકળો વહેતી થઈ હતી, પ્રાપ્ત વિગતો મુજબ, આ મૂર્તિઓ સુરત ખાતે યોજાયેલી ઈસ્કોનની રથયાત્રા માટે લઈ જવામાં આવી હતી. જોકે, મંદિરના વહીવટકર્તા ભાનુબેન ગોસ્વામીએ મૂર્તિઓ મંદિર બહાર લઈ જવા અંગે સખત વાંધો ઉઠાવ્યો હતો અને તેમની વાતને અવગણવામાં આવી હોવાનો આરોપ મૂક્યો છે. બીજી તરફ, મંદિરના પ્રમુખ ભદ્રેશ જાદવે ટેલિફોનિક પર પોતાનો મત વ્યક્ત કરીને સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, "પ્રતિમાઓને જરૂરી મંજૂરી બાદ જ સુરત લઈ જવામાં આવી હતી. રથયાત્રા સંપન્ન થયા બાદ તમામ મૂર્તિઓને પરત લાવી મંદિરમાં યથાસ્થાને સ્થાપિત કરી દેવામાં આવી છે." ઉલ્લેખનીય છે.મંદિર સમિતિમાં આંતરિક વિવાદના સંદર્ભે ભરૂચના ધાર્મિક વર્તુળોમાં ચર્ચા ગરમાઈ ગઈ છે, જ્યારે ભક્તો રાહત અનુભવી રહ્યા છે કે મૂર્તિઓ સુરક્ષિત રીતે પરત ફરી ચૂકી છે.

### ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો

# કલ્યાણ હોટેલની પાછળ પાર્સલ ગોડાઉનમાં આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં વહેલી સવારે આગની ભયાનક ઘટના બની હતી. કલ્યાણ હોટેલની પાછળ આવેલી એક દુકાનમાં સવારે લગભગ 5 વાગ્યે અચાનક આગ ફાટી નીકળી હતી. એકાએક દુકાનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો અને થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. આગની જ્વાળાઓ ઊંચે સુધી પહોંચતા આસપાસના વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ આગ પર કાબૂ મેળવી પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. આગને કારણે દુકાનમાં રાખેલો સામાન બળીને ખાખ થઈ ગયો છે. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના કારણો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### એક્સટ્રાનેટ ટેક્નોલોજીસનો

## ૧૬૬.૮૦ કરોડનો IPO ૨૩ જુલાઈથી ખુલશે

વડોદરા : ભારત સ્થિત આઈટી સોલ્યુશન્સ અને સર્વિસિસ પ્રોવાઈડર એક્સટ્રાનેટ ટેક્નોલોજીસ લિમિટેડનો પ્રારંભિક જાહેર શેર વેચાણ (IPO) 23 જુલાઈ, 2026ના રોજ ખુલશે અને 27 જુલાઈના રોજ બંધ થશે. કંપની આ ઈશ્યૂ દ્વારા અપર પ્રાઈઝ બેન્ડ મુજબ 166.80 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPO માટે પ્રાઈઝ બેન્ડ 120થી 127 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે લોટ સાઈઝ 110 ઈક્વિટી શેરની રહેશે. કંપની કુલ 1,31,34,000 ઈક્વિટી શેર જારી કરશે. ઈશ્યૂમાં QIB માટે 50 ટકા સુધી, NII માટે ઓછામાં ઓછા 15 ટકા અને રિટેલ રોકાણકારો માટે ઓછામાં ઓછા 35 ટકા હિસ્સો અનામત રાખવામાં આવ્યો છે. એન્કર રોકાણકારો માટે બિડિંગ 22 જુલાઈએ યોજાશે. IPOમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ કંપની બાકી દેવાની ચુકવણી, સિસ્ટમ્સ અને હાર્ડવેરમાં મૂડી રોકાણ, વર્કિંગ કેપિટલની જરૂરિયાતો તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરશે.

### RAMP યોજના હેઠળ ડિજિટલ માર્કેટિંગ, બ્રાન્ડ નિર્માણ અને બજાર જોડાણ પર ભાર મુકાયો

# EDII-RAMP દ્વારા વડોદરામાં ૧૦૧ MSMEs માટે ઈ-કોમર્સ તાલીમ યોજાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

ગુજરાત સરકારના MSME કમિશનરેટ અને એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, EDII, અમદાવાદ દ્વારા CGCCI ના સહયોગથી તાજેતરમાં વડોદરાના વાણિજ્ય ભવન ખાતે RAMP યોજના હેઠળ એક દિવસીય ઈ-કોમર્સ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોના કુલ ૧૦૧ માઈક્રો અને સ્મોલ ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિતોને સંબોધતા EDIIના અધિકારીઓએ જણાવ્યું કે, તમામ સહભાગી ઉદ્યોગસાહસિકોની RAMP યોજના હેઠળ નોંધણી કરવામાં આવી છે. સતત સંપર્ક અને માર્ગદર્શન માટે એક અલગ વોટ્સએપ ગ્રુપ પણ બનાવવામાં આવ્યું છે. યોજનાના ભાગરૂપે સહભાગીઓને TNA ફોર્મ આપવામાં આવ્યા હતા. જેમાં ધિરાણની જરૂરિયાત અને બજાર જોડાણની જરૂરિયાત અંગે માહિતી લેવામાં આવી હતી. TNAનો મુખ્ય હેતુ દરેક ઉદ્યોગની ચોક્કસ સમસ્યાઓ અને વિકાસની તકો ઓળખવાનો છે. પ્રાપ્ત પ્રતિસાદના આધારે EDII દ્વારા ઉદ્યોગોને જરૂરિયાત મુજબ હેન્ડહોલ્ડિંગ, મેન્ટરિંગ, ક્ષમતા નિર્માણ અને બજાર જોડાણ માટે સહાય પૂરી પાડવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું કે ગુજરાતના MSMEsને ડિજિટલ ક્ષમતાઓ, બજારની નવી તકો અને વ્યવસ્થિત સહયોગ દ્વારા વધુ સક્ષમ, સ્થિતિસ્થાપક અને સ્પર્ધાત્મક બનાવવાની સંસ્થા પ્રતિબદ્ધ છે. કાર્યક્રમની શરૂઆત RAMP યોજના અને MSMEની નવી નીતિ 'વિકસિત ગુજરાત' અંગેના સત્રથી થઈ હતી. ત્યારબાદ ઈ-કોમર્સ વિષયક સંવાદાત્મક સત્ર યોજાયું, જેમાં ઉદ્યોગસાહસિકોને મજબૂત બ્રાન્ડ નિર્માણ, અસરકારક બજાર વ્યૂહરચના અને વિશ્વસનીય ઓનલાઈન હાજરી દ્વારા ડિજિટલ માધ્યમોથી વ્યવસાયના વિસ્તરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત વૉલમાર્ટ વૃદ્ધિ માસ્ટરક્લાસ "ડિજિટલ રૂટ્સ ફોર ગ્રોઈંગ MSMEs" અંતર્ગત ડિજિટલ વિકાસની વ્યૂહરચનાઓ, ફ્લિપકાર્ટ માર્કેટપ્લેસની તકો,CBT તેમજ MSMEs માટે ક્ષમતા નિર્માણ સહાય અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### પારીખા ગામ નજીક હાઈવે પર દુર્ઘટના સર્જાઈ

# ડભોઈ-કરજણ માર્ગ પર ટ્રક પલટી, જાનહાનિ ટળી

**ગ્રામજનોની મદદથી** ડ્રાઇવર સુરક્ષિત બહાર આવ્યો, ક્રેન બોલાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦

ડભોઈ તાલુકાના પારીખા ગામ નજીક આજે ડભોઈ-કરજણ મુખ્ય માર્ગ પર એક ટ્રક અકસ્માતનો ભોગ બની હતી. સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહનને બચાવવા જતાં ટ્રક ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં પલ્ટી મારી ગઈ હતી. આ ભયાનક અકસ્માત છતાં ટ્રક ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો અને સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, પારીખા ગામ પાસેથી પસાર થઈ રહેલી ટ્રક કરજણ તરફ જઈ રહી હતી. તે સમયે સામેથી એક અન્ય વાહન અતિ ઝડપે આવતું હોઈ, અકસ્માત નિવારવા માટે ટ્રક ચાલકે ટ્રકને સાઈડમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ દરમિયાન ટ્રકનું સંતુલન બગડતા તે સીધી રોડની નીચે ખાડામાં પલ્ટી મારી ગઈ હતી. ઘટના સ્થળે ટ્રક પલ્ટી જતાં સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો અને રાહદારીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. સદનસીબે ડ્રાઈવર સુરક્ષિત બહાર નીકળી આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તુરંત જ ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ક્રેનની મદદથી પલ્ટી મારેલી ટ્રકને સીધી કરી માર્ગ પરનો વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો.

### મકાનમાંથી બે લાખથી વધુની ચોરી,એક તસ્કર ઝડપાયો, અન્ય ફરાર

# મકરપુરાના મકાનમાં ચોર ઘૂસ્યો નીચે પટકાતાં ઈજાગ્રસ્ત, એમ્બ્યુલન્સ ભેગો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી જશોદા કોલોનીના શિવ શક્તિ નગરમાં ચોરી કરવા ઘૂસેલા એક તસ્કરને મકાનમાલિકોએ રંગે હાથે પકડી પાડ્યો હતો. ભાગવાના પ્રયાસમાં પટકાતા તેને માથાના ભાગે ઈજા થતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. બનાવને પગલે પોલીસે ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત તસ્કરને સારવાર માટે ખસેડી આગળની તલસ્પર્શી તપાસ હાથધરી છે. મકાનમાલિક સરોજબેનના જણાવ્યા મુજબ, રાત્રે પરિવાર ધાબા પર સૂઈ ગયો હતો. સવારે 4 થી 4:30 વાગ્યાની આસપાસ નીચે આવતા જોયું તો ઘરનું તાળું દાદરા પર પડેલું હતું અને દરવાજો ખુલ્લો હતો. તરત જ પતિને જાણ કરી બહારથી દરવાજો બંધ કરી દીધો અને આસપાસના લોકોને બોલાવ્યા હતા. બારીમાંથી નજર કરતા એક ચોર અંદર હોવાનું દેખાયું. દરવાજો ખોલતા જ ચોર ભાગવા ગયો અને તે દરમિયાન પટકાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી. લોકો એકત્ર થતા પોલીસને જાણ કરવામાં આવી અને 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત ચોરને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સરોજબેને જણાવ્યું કે મકાનમાં તિજોરી અને બેડનો સામાન વેરવિખેર કરી દેવામાં આવ્યો હતો. અંદાજે 2 થી 3 લાખના દાગીના અને રોકડની ચોરી થઈ છે. પકડાયેલા ચોર સિવાય તેની સાથે અન્ય તસ્કરો પણ હોવાની શંકા છે. મકાનમાલિકે સ્પષ્ટતા કરી કે કોઈએ ચોરને માર્યો નથી. દરવાજો ખોલતા તે ભાગવા જતા પોતે જ પટકાયો હતો. ઈજાગ્રસ્ત આરોપીની સારવાર બાદ તેની પૂછપરછ કરવામાં આવશે. અન્ય આરોપીઓને ઝડપવા માટે આસપાસના CCTV ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે.

### ૪૫ કલાકનો સાંજનો કોર્સ,ધો. ૫ પાસથી પ્રવેશ

# પર્ફોર્મિંગ આર્ટ્સમાં તબલા, ઢોલકના કોર્સ માટે પ્રવેશ શરૂ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

સંગીત અને કળાના ક્ષેત્રમાં અગ્રણી એવી મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના તબલા વિભાગ દ્વારા નવા સર્ટિફિકેટ કોર્સની જાહેરાત કરવામાં આવી છે. યુનિવર્સિટીએ પોપ્યુલર મ્યુઝિકમાં પર્કશન ઈન્સ્ટ્રુમેન્ટ્સનો ઉપયોગ વિષય પર 45 કલાકનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યો છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને તબલા, ઢોલક અને ઢોલ જેવા લોકપ્રિય પર્કશન વાદ્યોની તાલીમ આપવામાં આવશે. આધુનિક અને લોકપ્રિય સંગીતમાં પર્કશન વાદ્યોનું મહત્વ દિવસે દિવસે વધી રહ્યું છે. ફિલ્મ, ગરબા, ભજન અને સ્ટેજ શો જેવા અનેક કાર્યક્રમોમાં તબલા, ઢોલક અને ઢોલની માંગ રહે છે. આ કોર્સનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને આ વાદ્યોની મૂળભૂત તાલીમની સાથે જ લોકપ્રિય સંગીતમાં તેના વ્યવહારિક ઉપયોગની સમજ આપવાનો છે. કોર્સનો સમયગાળો કુલ 45 કલાક,વર્ગનો સમય સાંજની બેચ અઠવાડિયામાં 2 દિવસ, સાંજે 6:00 થી 8:00 કલાક રહેશે. લાયકાત ધોરણ 5 પાસ અથવા તેનાથી ઉપરનું શિક્ષણ હોવું જરૂરી. ફી 5220 નિર્ધારિત કરવામાં આવી છે. સાંજના સમયે વર્ગો રાખવામાં આવતા હોવાથી નોકરી કરતા લોકો અને કોલેજના વિદ્યાર્થીઓ પણ આ કોર્સનો લાભ લઈ શકશે. ઈચ્છુક ઉમેદવારો ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સની ઓફિસમાંથી પ્રવેશ ફોર્મ મેળવી શકશે. ફોર્મ વિતરણનો સમય બપોરે 12:00 થી 2:00 કલાકનો રહેશે. આ અંગે માહિતી આપતા તબલા વિભાગના વડા અને ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ડીન પ્રો. અજય અષ્ટાપુત્રે જણાવ્યું કે, આ કોર્સ દ્વારા અમે યુવાનોને પરંપરાગત વાદ્યોને આધુનિક સંગીત સાથે જોડવાની તક આપવા માંગીએ છીએ. જે વિદ્યાર્થીઓને સંગીતમાં કરિયર બનાવવું છે તેમના માટે આ કોર્સ ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

### પેપર લીક મુદ્દે વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ

# MSUમાં સોનમ વાંગચુકના સમર્થનમાં વિદ્યાર્થીઓની રેલી, અટકાયત કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ આર્ટ્સના વિદ્યાર્થીઓ દ્વારા આજે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના સમર્થનમાં અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે પગપાળા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી શરૂ થતાં પોલીસ એક્શનમાં આવી હતી અને વિરોધ કરનાર વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી હતી. એમએસયુની ફેકલ્ટી ઓફ આર્ટ્સથી શરૂ થઈને ડી.એન. હોલ સુધી જનારી આ રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. રેલી શરૂ થાય તે પહેલા જ સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસના મોટા કાફલાએ રેલી આગળ વધે તે પહેલા જ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓની અટકાયત કરી હતી. પોલીસની આ કાર્યવાહીથી વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પાસે તાત્કાલિક રાજીનામાની માંગ કરી હતી. વિદ્યાર્થી આગેવાનોએ આક્ષેપ કર્યો કે મંત્રીના કાર્યકાળ દરમિયાન દેશભરમાં વારંવાર પેપર લીક થયા છે. જેના કારણે હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા થયા છે. વિદ્યાર્થી આગેવાન નિખિલ સોલંકીએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક દિવસોથી સોનમ વાંગચુક વિદ્યાર્થીઓના હિત માટે આંદોલન કરી રહ્યા છે, પરંતુ સરકાર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. દેશભરમાં 70થી વધુ વખત પેપર લીક થયાના ઓફિશિયલ આંકડા છે. સરકાર વિદ્યાર્થીઓના અવાજને દબાવી રહી છે. લોકશાહીમાં વિરોધ કરવાનો અધિકાર પણ છીનવાઈ રહ્યો છે, તેના વિરોધમાં અમે આ રેલીનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓનું કહેવું હતું કે શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા અને જવાબદારી નક્કી કરવા માટે શિક્ષણ મંત્રીએ નૈતિક જવાબદારી લઈને રાજીનામું આપવું જોઈએ. હાલ પોલીસે અટકાયત કરાયેલા તમામ વિદ્યાર્થીઓને બાદમાં છોડી મૂક્યા હતા. ઘટના બાદ યુનિવર્સિટી કેમ્પસમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

### બાથરૂમમાં જઈ ફીનાઈલ ગટગટાવ્યું

# પતિના અૈનૈતિક સંબંધોથી ત્રસ્ત પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલા રિદ્ધિ-સિદ્ધિ ફ્લેટમાં રહેતી ભારતીબેન નાયરના લગ્ન પ્રેમસંબંધ બાદ પ્રણવ નાયર સાથે થયા હતા. બંનેની ઓળખ સારાભાઈ કેમ્પસ સ્થિત ઈથા હોસ્પિટલમાં નોકરી દરમિયાન થઈ હતી. ત્યારબાદ બંનેએ કોર્ટ મેરેજ કર્યા બાદ કેરળમાં પરિવારની હાજરીમાં પરંપરાગત રીતે લગ્ન કર્યા હતા. લગ્ન પછી પ્રણવ નોકરી માટે દુબઈ ગયો હતો, જ્યારે ભારતીબેન ગર્ભાવસ્થા દરમિયાન સાસરીમાં રહેતી હતી. દીકરીના જન્મ બાદ તે થોડા સમય પહેલાં વડોદરામાં પોતાના ભાઈ સાથે રહેવા આવી હતી.પતિના જન્મદિવસ નિમિત્તે પ્રણવ વડોદરા આવ્યો હતો. રાત્રે દારૂના નશામાં ઘરે પરત ફર્યા બાદ પત્નીએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન તેના મોબાઈલ પર વારંવાર એક યુવતીના ફોન આવતા ભારતીબેનને શંકા જાગી હતી. પતિ સૂઈ ગયા બાદ મોબાઈલ તપાસતા અન્ય યુવતી સાથેના ફોટા અને ચેટ મળી આવ્યા હતા. આ મુદ્દે પૂછપરછ કરતાં પ્રણવે કથિત રીતે પત્નીને "બધું જોઈ લીધું છે તો હવે મને ડિવોર્સ આપી દે, મારે તને રાખવી નથી, તારાથી જે થાય તે કરી લે" કહી અપશબ્દો બોલવા લાગ્યો હતો. પતિના આડા સંબંધ અને વર્તનથી કંટાળી ભારે આઘાતમાં આવેલી ભારતીબેને બાથરૂમમાં જઈ ફિનાઈલ ગટગટાવી લીધું હતું. ફિનાઈલ પીધા બાદ ઉલ્ટી થતાં તેમના ભાઈ ચિંતને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સારવાર પૂર્ણ થયા બાદ ઘરે પરત ફરતાં પ્રણવ ઘરેથી નીકળી ગયો હોવાનું તેમજ તેમનો મોબાઈલ પણ સાથે લઈ ગયો હતો. આ સમગ્ર ઘટનાને પગલે ભારતીબેને ગોરવા પોલીસ સ્ટેશનમાં પતિ પ્રણવ મોહન નાયર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વિવિધ ગુનામાં સંડોવાયેલા લોકો તપાસ, દસ્તાવેજ વગરના વાહનો સામે કાર્યવાહી

# બાપોદ વિસ્તારમાં પોલીસનું આકસ્મિક કોમ્બિંગ, ૧૨ શંકાસ્પદોને ડિટેન કરાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20

વડોદરા શહેરમાં ગુનાખોરી પર નિયંત્રણ અને કાયદો-વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા માટે બાપોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પોલીસ દ્વારા આકસ્મિક કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ડીસીપી ઝોન-4 એન્ડ્રૂ મેકવાન, એસીપી જી.બી. બામણિયા તેમજ બાપોદ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ઓપરેશન દરમિયાન શંકાસ્પદ 12 વ્યક્તિઓને ડિટેન કરાયા છે, ફરાર આરોપીઓ અને વાહનોની પણ તપાસ કરવામાં આવી હતી. વડોદરા શહેર પોલીસ દ્વારા આજવા રોડ પર આવેલા એકતા નગર સહિત બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારના વિવિધ સ્થળોએ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું. ડીસીપી ઝોન-4 એન્ડ્રૂ મેકવાનના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસની વિવિધ ટીમોએ ગુનાહિત ઈતિહાસ ધરાવતા તેમજ શંકાસ્પદ વ્યક્તિઓની ચકાસણી કરી હતી. પોલીસ દ્વારા નાસતા-ફરતા આરોપીઓ અને વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા લોકોની ઓળખ અને તપાસ માટે સઘન કાર્યવાહી કરવામાં આવી હતી. કોમ્બિંગ દરમિયાન 12 જેટલા શંકાસ્પદ વ્યક્તિઓને ડિટેન કરી તેમની પૂછપરછ કરવામાં આવી હતી. ઉપરાંત, જુદા જુદા ગુનાઓમાં ફરાર અને વોરંટ ધરાવતા આરોપીઓની પણ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. પોલીસે વાહન ચેકિંગ અભિયાન પણ ચલાવી લાયસન્સ અને જરૂરી દસ્તાવેજો વગર ચાલતા ટુ-વ્હીલર વાહનો સામે કાયદેસરની કાર્યવાહી કરીને કેટલાક વાહનો જપ્ત કર્યા હતા. ડીસીપી એન્ડ્રૂ મેકવાને જણાવ્યું હતું કે શહેરમાં ગુનાખોરીને કાબૂમાં રાખવા અને અસામાજિક તત્વો પર નજર રાખવાના હેતુથી આવા આકસ્મિક કોમ્બિંગ ઓપરેશન સતત હાથ ધરવામાં આવશે.

## ફતેપુરાના રાણાવાસમાં ચેનમાં હાથ ફસાતા ૨૨ વર્ષીય યુવાન ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦

શહેરના ફતેપુરા વિસ્તારમાં આવેલા રાણાવાસમાં રહેતા ૨૨ વર્ષીય યુવાન મયંક રાણા સાથે એક દુર્ઘટના ઘટતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. પોતાના ઘર આંગણે બાઈક સાફ કરી રહેલા મયંકનો જમણો હાથ અચાનક બાઈકની ચેઈનમાં આવી જતાં તેને ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, આજે મયંક પોતાના ઘર પાસે બાઈક સાફ કરી રહ્યો હતો. તે સમયે કોઈ કારણોસર બાઈક ચાલુ થઈ ગઈ હતી અથવા ચેઈન ફરતી હોવાથી મયંકનો હાથ અચાનક ચેઈન અને સ્પ્રોકેટની વચ્ચે ફસાઈ ગયો હતો. અચાનક બનેલી આ ઘટનાને પગલે મયંકે બૂમ પાડતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને સ્થાનિકોએ ઈજાગ્રસ્ત મયંકને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ ડોક્ટરોની ટીમ દ્વારા તેને જરૂરી સારવાર આપવામાં આવી રહી છે.

### રોકડ રકમ, મોબાઈલ અને અડધા લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે

# માણેજા વિસ્તારના ગાર્ડન પાસેથી જુગાર રમતા ૧૦ ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦

વડોદરા શહેરના માણેજા વિસ્તારમાં આવેલા ગાર્ડન નજીક સંતોષી માતા મંદિર સામે ચાલતા જુગાર પર મકરપુરા પોલીસી દરોડો પાડતા જુગારીયાઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમા 10 ખેલીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીયાઓની અંગજડતી તથા દાવ પર લાગેલી રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગારના પત્તાં સહિત રૂ. 56 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરીવધુ તપાસ શરૂ કરી છે. મકરપુરા પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી દરમિયાન માણેજા ગાર્ડન પાસે પહોંચતા બાથની મળી હતી કે સંતોષી માતાના મંદિરની સામે કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે જેના આધારે પોલીસે માણેજા ગાર્ડન ખાતે દરોડો પાડ્યો હતો. સ્થળ પર જુગાર રમતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી પોલીસે 10 આરોપીઓ અક્ષય રમેશ પાટણવાડીયા, નરેશ કાલીદાસ પરમાર, અર્જુન ભાઈલાલ પઢીયાર, સંદીપ સહદેવ પઢીયાર, વિજય મગન ઠાકોર, મિલન નવીન પટેલ, પિયુષકુમાર વિનોદ પાટણવાડીયા, શૈલેષ અરવિંદ પરમાર, સાગર પ્રવિણ ઠાકોર અને વિક્રમ ઉર્ફે કાંચો માનબહાદુર ખત્રી ઝડપી પાડયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂ. 11 હજાર, 7 મોબાઈલ ફોન મળી રૂ. 56 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.